# જીરાનો ભાવ મક્કમ રહેવાની સંભાવના, સંગ્રહ કરી અને એપ્રિલ, ૨૦૨૧ પછી વેચાણ કરવા નિર્ણય કરી શકાય

વિશ્વભરમાં, ભારત જીરાના ઉત્પાદન અને વપરાશમાં પ્રથમ સ્થાન ધરાવે છે. દેશમાં, ગુજરાત અને રાજસ્થાન જીરૂના વાવેતર અને ઉત્પાદનમાં ૯૮ ટકાથી વધારે ફાળો આપે છે. સમગ્ર વિશ્વમાં મસાલા તરીકે જીરાની નોંધપાત્ર માંગ છે, કે જ્યાં ખાસ કરીને મસાલાવાળા ખોરાકને પસંદ કરવામાં આવે છે. જીરાની ખેતી ભારત ઉપરાંત સિરિયા, ઈરાન, તુર્કી, ચીન અને લેટિન અમેરિકામાં પણ થાય છે; પરંતુ આ દેશોનું ઉત્પાદન મોડુ જૂન-જુલાઈ દરમ્યાન બજારમાં આવે છે.

ગત વર્ષ ૨૦૧૯-૨૦માં દેશમાં અંદાજે ૯.૮૫ લાખ હેક્ટરમાં જીરાનું વાવેતર થયેલ અને ઉત્પાદન ૫.૮૮ લાખ ટન મળેલ હતું, જે અગાઉના વર્ષ જેટલું જ થયું હતું. દેશમાંથી જીરાની નિકાસ વર્ષ ૨૦૧૮-૧૯ નાં ૧.૮૦ લાખ ટનથી વધીને ૨૦૧૯-૨૦ માં ૨.૧૦ લાખ ટન થયેલ હતી. ઉપરાંત, ચાલુ વર્ષે એપ્રિલથી નવેમ્બર, ૨૦૨૦ સુધીમાં લગભગ ૨.૨૯ લાખ ટન જીરાની નિકાસ થયેલ છે. જો કે, જીરૂના ભાવ માર્ચ, ૨૦૧૯ માં ગુજરાતમાં મણનાં રૂા. ૨૮૦૦ જેટલા હતા, જે લોકડાઉનને લીધે ઘટીને માર્ચ, ૨૦૨૦ મણનાં રૂા. ૨૪૦૦ થયા હતા. હાલમાં ફેબ્રુઆરી, ૨૦૨૧ માં પણ ગુજરાતની વિવિધ બજારોમાં જીરાનો ભાવ મણનાં રૂા. ૨૪૦૦ જેટલા પ્રવર્તમાન છે.

ગુજરાતમાં ચાલુ વર્ષ ૨૦૨૦-૨૧માં, જીરાનું વાવેતર થોડું ઘટીને ૪.૬૪ લાખ હેક્ટર (બીજો આગોતરો અંદાજ તા. ૪-૧-૨૦૨૧) જેટલું થયેલછે, જે ગયા વર્ષે ૪.૮૨ લાખ હેક્ટર હતું. જ્યારે ઉત્પાદન અંદાજીત ૩.૭૪ લાખ ટન જેટલું થશે. જે લગભગ ગત વર્ષ ૨૦૧૯-૨૦ જેટલુ જ રહેશે. રાજસ્થાનમાં જીરાનું વાવેતર ગત વર્ષ (૫ લાખ હે.) કરતા થોડું ઓછું થયાનું અનુમાન છે. દેશમાં ચાલું વર્ષમાં જીરાનું ઉત્પાદન ગત વર્ષ જેટલુ જ લગભગ ૬ લાખ ટન થવાની ધારણા છે, જે ચાલું વર્ષની સ્થાનિક વપરાશ અને નિકાસની માંગને પહોંચી વળવા જેટલું જ છે. ગત વર્ષનો બીન-વપરાશી જથ્થો લગભગ નહિવત છે. તેથી ચાલું વર્ષે જીરાના ભાવ મહદઅંશે સ્થિર રહેવાની શક્યતા છે. જો કે નિકાસ વધશે તો તેમાં થોડો વધારો થવાની સંભાવના રહેલી છે.

દેશમાં જીરાનું ઉત્પાદન અને બજારના અહેવાલોને ધ્યાનમાં લઈ, કૃષિ અર્થશાસ્ત્ર વિભાગ, જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી, જૂનાગઢની સંશોધન ટીમે રાજકોટ માર્કેટ યાર્ડનાં જીરૂના ઐતિહાસિક માસિક ભાવનું વિશ્લેષણ કરેલ છે. જે વિશ્લેષણ મુજબ એવું તારણ છે કે **માર્ચ થી એપ્રિલ, ૨૦૨૧ દરમિયાન જીરૂનાં ભાવ (કાપણી સમયે) મણનાં રૂા. ૨૩૪૦ થી ૨૬૪૦ (ક્વિન્ટલ દીઠ રૂા. ૧૧૭૦૦ થી ૧૩૨૦૦) રહેવાની સંભાવના છે.** જેથી ખેડૂતભાઈઓ ઉપરોક્ત પરિસ્થિતિની નોંધ લઈ, પોતાની રીતે નિર્ણય કરી અનુકૂળતા મુજબ જીરૂનો સંગ્રહ કરી, એપ્રિલ, ૨૦૨૧ પછી વેચાણ કરવાનો નિર્ણય લઈ શકે છે. જો નિકાસની તકો જળવાઈ રહે તો ભવિષ્યમાં જીરૂના ભાવ થોડા વધવાની સંભાવના રહેલી છે.